## વી બી -જી -રામજી

અત્રેના તાલુકામાં વી બી -જી -રામજી યોજના અંતર્ગત સિવિલ વર્કસ ના કામોમાં ઉપયોગમાં આવતા માલ સામાનની ખરીદી કરવા ટેન્ડર કમિટી દ્વારા નીચે મુજબની શરતો મંજૂર કરવામાં આવેલ છે.

## <u>શરતો :-</u>

1) ઇજારદારશ્રીએ અત્રેના અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના તમામ ગ્રામ પંચાયત કક્ષાએ આ સાથે સામેલ માલ-સામાનના સ્પેશિફીકેશન મુજબ એનેક્ષર–૧ માં જણાવેલ જરૂરીયાત મુજબનો માલ– સામાન કામના સ્થળે પહોંચાડવાનો રહેશે તેમજ માલસામાન પૂરા પાડયા બાદ માલ-સામાનની ગુણવતા સારી ન જણાય તો દિન ૭ માં સારી ગુણવતાનો માલ-સામાન પહોંચાડવાનો રહેશે
   - ગુણવતા નિયમને લાગતાં જરૂરી પરીક્ષણો ઇજારદારશ્રીએ સ્વખર્ચે સરકારી અથવા તો સરકાર માન્ય લેબોરેટરીમાં કરાવાનાં રહેશે અને સાથે ટેસ્ટિંગ રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.
   - વર્કઓર્ડર અન્વયે પુરા પાડવામાં આવેલ બાંધકામનો માલસામાન અંગે ડીમાન્ડ નોટ-માંગણીપત્રક વાર ડીલીવરી ચલણ <u>ત્રણ નકલમાં</u> ઈસ્યુ કરવાના રહેશે. ડીલીવરી ચલણમાં બાંધકામનો માલસામાન સ્પષ્ટ રીતે અલગ અલગ અને વર્કઓર્ડરમાં દર્શાવેલ ક્રમ મુજબ દર્શાવવાની રહેશે. ડિલિવરી ચલણની પ્રથમ નકલ ટેન્ડર મંજૂર કરનારની કચેરીમાં પુરી પાડવાની રહેશે અને બીજી નકલ ડિલિવરી લઈ જનારેને પુરી પાડવાની રહેશે.
   - કુદરતી આફત, માનવસર્જિત આફત, આગ, અકસ્માત કે કાબુ બહારના સંજોગોના કારણે ટેન્ડરના કોઈપણ જથ્થા / સામગ્રીને નુકશાન થશે તો તેની જવાબદારી ટેન્ડર મંજુર કરનાર અને વર્કઓર્ડર આપનારની રહેશે નહી. તથા માલ સામાન સપ્લાય કરતા ડ્રાઈવર, ક્લીનર, સ્કીલ અને અનસ્કીલ, રોજમદાર, મજુરો ચોકીદારના હાજરી પત્રક વીમાઓ અને લાયસન્સ વગેરે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુંસાર માલસામાન સપ્લાય કરનારે પોતાની જવાબદારીએ લેવાના રહેશે.

2) ઇજારદારશ્રીએ અત્રેના અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના તમામ ગ્રામ પંચાયત કક્ષાએ આ સાથે સામેલ માલ સામાનના સ્પેશિફીકેશન મુજબ એનેક્ષર–૧ માં જણાવેલ જરૂરીયાત મુજબનો માલ – સામાન પુરો પાડવાનો રહેશે.

3) ઈજારદારશ્રીએ ખાંભા તાલુકા/ગ્રામ પંચાયત કક્ષાએ માર્ગ અને મકાન વિભાગના/સરકારશ્રીના નિયમોનુસાર મંજુર થયેલ સારી ક્વોલિટીનુ અને આઈ.એસ.આઈ માર્કાવાળો માલ–સામાન પૂરો પાડવાનો રહેશે.

4) ઇજારદારશ્રીએ છ માસ સુધી એક વખત સ્થળની મુલાકાત લઈ માર્ગદર્શન આપવાનું રહેશે. આ બાબતે કોઈ પણ ખર્ચ કચેરી તરફથી ચૂકવવામાં આવશે નહી.

5) ઇજારદારશ્રીને એડવાન્સ પેમેન્ટ આપવામાં આવશે નહી. ઓર્ડર મુજબ જથ્થો પૂરો પાડ્યા બાદ વી બી -જી -રામજી સોફ્ટમાં ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી પેમેન્ટ કરવામાં આવશે પણ ગ્રાન્ટના અભાવે વિલંબિત પેમેન્ટ થશે તો તે બાબતે કોઈ પણ વધારાની રકમ (વ્યાજ) ચૂકવવામાં આવશે નહીં તે તેમજ અત્રેથી ટેન્ડર મંજૂર થયેથી એક વર્ષ સુધી અમલમાં રહેશે, તેમજ નવા ભાવોના કરાર ન થાય ત્યાં સુધી ઇજારદારશ્રીએ માલ પૂરો પાડવાનો રહેશે.

6) મંજુર થયેલ ભાવો ઉપર અન્ય કોઈપણ જાતની વધારાની રકમ (ટેક્ષ/ટ્રાન્સપોર્ટેશન/ખર્ચ) ચૂકવવામાં આવશે નહી તેમજ સરકારશ્રીના નાણાકીય નિયમોને આધિન ૨% ટીડીએસ તથા ૧% CGST તથા ૧% SGST ચુકવવા પાત્ર કુલ બિલની રકમમાંથી કપાત કરવામાં આવશે.

7) ઇજારદારશ્રીએ ભવિષ્યમા સરકારશ્રીના વેરામા કોઇપણ ફેરફાર થાય તે ઇજારદારશ્રીએ સ્વીકારવાના રહેશે. જેનો કોઇ પણ વધારો મળશે નહી.

8) ઇજારદારશ્રીએ માલ-સામાન અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના તમામ ગ્રામ પંચાયત કક્ષાએ પહોચાડવાના રહેશે.

9) ઇજારદારશ્રીએ માલ–સામાનના જીએસટીવાળા GST બિલ સાથે, ડિલિવરી ચલણ અથવા પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે, ડિલીવરી ચલણમાં ઓર્ડર મુજબનો જથ્થો સ્થળ ઉપર ઉતાર્યા બદલની સરપંચ/તલાટીની સહી સાથેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને તેની અત્રેની કચેરીએ જાણ કરવાની રહેશે.

10) જે ઇજારદાર સાથે રેટ કોન્ટ્રાકટ કરવાનો થાય તેઓએ રકમ રૂ ૧,૫૦,૦૦૦/- સિક્યુરિટી ડિપોઝિટ પેટે ભરવાની રહેશે. અને ત્યાર બાદ રેટ કોન્ટ્રાકટરની નિયત સ્ટેમ્પ પેપર પર કાર્યવાહી કરવાની રહેશે જો ઇજારદાર રેટ કોન્ટ્રાકટ ની કાર્યવાહી નહિ કરે તો તેઓની ઈ.એમ.ડી.જપ્ત કરવામાં આવશે.

11) ન્યાય ક્ષેત્ર ખાંભા રહેશે.

12) ટેન્ડરમાં આપેલા ભાવો ટેન્ડર મંજૂર થયેથી એક વર્ષ સુધી અમલી ગણાશે અને આ સમય દરમ્યાન ટેન્ડરર તેમના ભાવો પાછા ખેંચી શકશે નહી. જો ઇજારદાર નિયત કરેલ ભાવોએ કામગીરી નહિ કરે તો તેઓની સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરી બ્લેક લીસ્ટ કરવાની

કાર્યવાહી કરવામાં આવશે. સમયના અર્થઘટન અંગે ઈન્ડીયન લીમીટેશન એકટની જોગવાઈઓ લાગુ પડશે.

13) સત્તાધિકારીશ્રી અને ઇજારદારશ્રીની સયુંકત સહમતિથી ટેન્ડરની મુદત પુર્ણ થયેથી વધુ ૧ વર્ષ સુધી લંબાવી શકાશે. જે અંગેનો આખરી નિર્ણય સત્તાધિકારીશ્રીનો રહેશે.

14) ઇજારદારશ્રીના બિલના ચુકવણામાંથી ઇન્કમટેક્ષ તથા જીએસટી નિયમ અનુસાર કપાતકરવામાં આવશે.

15) માલસામાન પરીક્ષણ કરવાના અને ટેસ્ટીંગ ચાર્જ જે તે ભાવો રજુ કરનાર ઇજારદારશ્રીએ ભોગવવાના રહેશે. સમયમાં માલની ડીલીવરી નહી મળે તો જથ્થાની કીંમત ઉપર પ્રતિ દિવસે ૦.૧ ટકા લેખે પેનલ્ટી ફી અથવા તો (વર્ક ઓર્ડરની કિમંતના ૧૦ ટકાથી વધુ નહી તેટલી પેનલ્ટીની રકમ) જે તે પાર્ટીના બિલમાંથી કાપવામાં આવશે

16) ઓર્ડર આપ્યા મુજબની તમામ આઇટમ /માલ સામાન અમલીકરણ એજન્સી દ્વારા તપાસીને ગણતરી કરી સંભાળવામાં આવશે જો કોઇ માલ જુનો બગડેલો કે નુકશાનીવાળો અત્રેથી સાઇઝ તથા સ્પેકીફીકેશન વિરૂધ્ધનો હશે તો તેવો માલ અત્રેથી સ્વીકારવામાં આવશે નહી અને તે અંગેની સંપુર્ણ જવાબદારી જે તે ટેન્ડરરની રહેશે. તેના બદલે સારી હાલતનો માલ ટેન્ડરરે પોતાના ખર્ચે પુરો પાડવાનો રહેશે. અથવા ટેન્ડરરના ખર્ચે અને જોખમે સ્થાનિક ખરીદી કરી લેવામાં આવશે

17) ભાવો મંજૂર/ના મંજૂર કરવાની તમામ સત્તા પ્રોગ્રામ ઓફીસર -વ-તાલુકા વિકાસ અધિકારીશ્રી ખાંભા ને અબાધિત રહેશે. આ બાબતે કોઈ વિવાદ રહેશે નહી.

18) ટેન્ડરની શરતોનું અર્થઘટન ટેન્ડર કમિટી / પ્રોગ્રામ ઓફીસર -વ-તાલુકા વિકાસ અધિકારીશ્રી ખાંભા કરશે તે આખરી ગણાશે.

19) ઓડીટ / તપાસ દરમિયાન નિયમ વિરુધ્ધ ની રકમ/ બેવડી રકમનું ચુકવણું થયેલ હશે તેવા સંજોગોમાં ઈજારદાર આ રકમ પરત ભરપાઈ કરવા બંધનકર્તા રહેશે.

સરકારશ્રીના વખતો વખતના ઠરાવો પરિપત્રો અને વી બી -જી -રામજી યોજનાની ગાઈડલાઈનમાં કરવામાં આવેલ ફેરફારો બંધનકર્તા રહેશે.

20) આ કામગીરી માટે ઈજારદારે લેબર(રેગ્યુલેસન એન્ડ એબોલીસન ) એક્ટ-૧૯૭૦ તથા તે હેઠળના૧૯૭૨ ના ગુજરાત નિયમોની જોગવાઈઓ તથા કામદાર વળતર અધિનિયમ-૧૯૨૩ તથા તે હેઠળના નિયમોની જોગવાઈઓ અનુસાર ઠેકેદારે રોકેલા મજુરોના કાયદેસરના હિતોની રક્ષા કરવાની તેમજ પ્રસ્તુત કાયદા અને નિયમો હેઠળ કરાયેલ સુવિધા/સગવડો ઉપલબ્ધ કરવાનો પ્રાથમિક વૈધાનિક જવાબદારી મજુરો કામે રાખનાર જે તે ઈજારેદારશ્રીની રહેશે, અને આ કામગીરી દરમ્યાન કામદારોને થતાં અકસ્માતથી

શારીરિક ઈજા થાય તો તે અંગેની વળતર સહીતની સઘળી જવાબદારી ઈજારેદારશ્રીની રહેશે.

21) ANNEXURE-1 સીવાયની અન્ય આઈટમ કે માલસામાનની જરૂરીયાત પડશે તો તે માલસામાન પણ પહોચાડવાના રહેશે તેમજ આના ભાવ ટેન્ડર કમિટી / પ્રોગ્રામ ઓફીસર -વ-તાલુકા વિકાસ અધિકારીશ્રી ખાંભા દ્વારા મંજુર અથવા નક્કી કરેલ હશે તે પ્રમાંણે ચુકવણું કરવામાં આવશે.

22) તાલુકા પંચાયત કચેરી ખાંભા ને જરૂરી જણાશે તો લવાદની નિમણુંક કરવા વિચારી શકશે અને લવાદને ચુકવવાની ફી તાલુકા પંચાયત કચેરી ખાંભા અને સપ્લાયર દ્વારા સરખા ભાગે ભોગવવાની રહેશે અને તે રકમ સપ્લાયરે તાલુકા પંચાયત કચેરી ખાંભા જમા કરાવવાની રહેશે.

<u>ચુકવણા અંગેની શરતો</u>

- ટેન્ડર મંજુર કરનાર તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત ખાંભા ના વર્કઓર્ડરમાં દર્શાવેલ સેવા/સામગ્રી જથ્થાની આઈટમો જે ક્રમમાં દર્શાવી હશે તે જ ક્રમમાં સેવા સામગ્રી જથ્થાની આઈટમો બિલમાં દર્શાવીને ઇજારેદારશ્રીએ બીલો બનાવવાના રહેશે.
- દરેક વર્કઓર્ડર અલગ-અલગ બીલો અથવા એકજ બીલમાં એકથી વધુ વર્કઓર્ડરનો સમાવેશ થતો હશે તો, બીલમાં દરેક વર્કઓર્ડરનાં નંબર/તારીખ વગેરે દર્શાવીને વર્કઓર્ડર સેવા/સામગ્રીની સ્પષ્ટ વિગતો દર્શાવીને જ બિલો બનાવવાના રહેશે.
- પુરા પાડેલ બાંધકામના માલસામાન અંગેના બિલો વર્કઓર્ડર આપનારનાં નામે બનાવી, વર્કઓર્ડર કરનારને ચુકવણી માટે રજુ કરવાના રહેશે.
- તમામ બીલોની ચુકવણી "SNA-SPARSH" થી કરવામાં આવશે.
- ઇજારેદારશ્રી કોઈ કામગીરી કરવામાં નિષ્ફળ ગયા હોય અથવા કોઈ શરતનો ભંગ કરાયેલ હોય તો, તે અન્વયેના શિક્ષાત્મક પગલાને આધીન તથા ટેન્ડર મંજુર કરનાર દ્વારા કરાયેલ દંડ વગેરેની રકમ, ચુકવવાપાત્ર બીલની રકમમાંથી વસુલ કરીને ચુકવાશે અને આવા પગલા લેવા માટે બીલની ચુકવણી અટકાવવાની જરૂરીયાત જણાશે તો ટેન્ડર મંજુર કરનારને અબાધિત અધિકાર રહેશે.
- ઇજારેદારશ્રી દ્વારા પુરા પાડવાના જથ્થા અંગે અથવા પુરા પાડેલ આંશિક જથ્થા અંગે, કામગીરી આખરી ન થાય ત્યાં સુધી કોઈપણ રકમ બીલ પેટે એડવાન્સ મળી શકશે નહીં.

- ઉપલબ્ધ ફંડ/ગ્રાન્ટ અનુસાર બીલની ચુકવણી કરાશે. વિલંબથી ચુકવણી અંગે વ્યાજની ચુકવણી માટે ઇજારેદારશ્રી માંગણી કરી શકશે નહી કે તે માટે કોઈ પત્રવ્યવહાર કરવાનો રહેશે નહીં.
- નિયમોનુંસાર/કાયદાનુસાર ભરવાપાત્ર ટીડીએસની રકમ કાપીને જ બીલોની રકમ ચુકવવામાં આવશે.
- નિયમોનુંસાર/કાયદાનુસાર ભરવાપાત્ર જી.એસ.ટી./ઈન્કમટેક્ષ/અન્ય ટેક્ષની રકમ ઇજારેદારશ્રી ભરવાની રહેશે.
- ઇ-ટેન્ડરમાં દર્શાવેલ વી બી -જી -રામજી શરતોને આધિન ચુકવણા કરવામાં આવશે.